રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૧૦૮ કેસ

રાજ્યમાં કુલ ૨૨૨૪૮ ટેસ્ટ કરવામાં આવ્યા : ૨૪નાં મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૩૭૨ પહોંચ્યો : એક્ટીવ કેસ ૧૩૧૯૮ : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૧૫૬, સુરતમાં ૨૯૩ કેસ

ગાંધીનગર,તા.૨૮

રાજ્યમાં સતત બીજીવાર કોરોના પોઝિટિવનો આંકડો ૧૧૦૦ને પાર.છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં ૨૨૨૪૮ ટેસ્ટ કરવામાં આવતા ૧૧૦૮ પોઝિટિવ દર્દી નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૫૭ હજારને વટાવી ૫૭૯૮૨ થયો છે. રાજ્યમાં આજે ૨૪ દર્દીના મોત નોંધાતા કુલ મૃત્યુઆંક કોરોનાને લીધે ૨૩૭૨ થયો છે. રાજ્યમાં આજે ૧૦૩૨ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૪૨ હજારને વટાવી ૪૨૪૧૨ થયો છે. રાજ્યમાં આજની તારીખે ૧૩૧૯૮એક્ટિવ કેસ છે. જેમાં ૮૭ વેન્ટીલેટર પર અને ૧૩૧૧૧ સ્ટેબલ છે.૧લી ઓગસ્ટથી અનલોક-૩ અમલમાં આવી રહ્યું છે અને નાગરિકોને વધુ છુટછાટ મળશે. પરંતુ કોરોનાના કેસ પણ રોજ હજારો આંકડા વટાવે છે. સુરત બાદ રાજકોટમાં કેસ સતત વધી રહ્યાં છે.આથી બુધવારે મુખ્યમંત્રી વિજય રુપાણી અને નાયાબ મુખ્યમંત્રી નીતિન પટેલ રાજકોટની મુલાકાત લેવાના છે અને સમીક્ષા કરવાના છે.

આરોગ્ય વિભાગે આપેલ યાદી મુજબ આજે કોવિડ-૧૯ ના લીધે થયેલ ૨૪ મોતમાં સુરત કોર્પોરેશનમાં ૭ અને જીલ્લાંમાં ૫, અમદાવાદ કોર્પોરેશનમાં ૪, ભાવનગર કોર્પોરેશન અને રાજકોટમાં ૨-૨, ગાંધીનગર જામનગર શહેર અને ગ્રામ્ય તેમજ વડોદરા શહેરમાં ૧-૧ મોત નોંધાયા છે.અમદાવાદ કોર્પોરેશન અને ગ્રામ્યમાં કુલ ૧૫૬ કેસ નોંધાયા છે.શહેરમાં સંક્રમિતોનો આંકડો ૨૬૦૩૨ થયો છે.આ સાથે ૪ લોકોના મૃત્યુ થવા થી મૃત્યુ આંક ૧૫૭૯ થયો છે.સુરત કોર્પોરેશન અને ગ્રામ્યમાં કુલ ૨૯૩ કેસ નોંધાયા છે.શહેરમાં સંક્રમિતોનો આંકડો ૧૨૨૨૩ થયો છે.આ સાથે ૧૨ લોકોના મૃત્યુ થવા થી મૃત્યુ આંક ૯૬ થયો છે.ગાંધીનગર માં કુલ ૪૪ કેસો નોંધાતા કુલ આંકડો ૧૩૫૬ થયો છે.રાજ્યમાં કુલ ટેસ્ટ ૬,૯૦,૦૯૨ થયા છે. આજની સ્થિતિ એ કુલ ૪,૭૨,૧૩૬ લોકોને ક્વોરન્ટાઇન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૪,૭૦,૪૦૫ વ્યક્તિ હોમ ક્વોરન્ટાઇન છે અને ૧૭૩૧ લોકો ફેસીલીટી ક્વોરન્ટાઇનમાં છે.

બનાસકાંઠામાં એક જ દિવસમાં વધુ ૩૬ કેસ

બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે એક જ દિવસમાં કોરોના પોઝિટિવ નવા ૩૬ કેસ નોંધાયા હતા.

જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૭૬૭ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૪૦ થવા પામ્યો છે.બનાસકાંઠા જિલ્લામાં કોરોનાની ઝડપભેર પ્રસરી રહ્યો છે. સ્થિતિ દિવસે દિવસે ગંભીર બનતી જાય છે.

બહારના શહેરોમાંથી ચેપ લઈને આવેલા લોકો લોકલ સંક્રમણ વધારી રહ્યા છે. આવી સ્થિતિમાં જિલ્લામાં મંગળવારે એક જ દિવસમાં કોરોના પોઝિટિવ નવા ૩૬ કેસ નોંધાયા હતા. પાલનપુર ૧૨, ડીસા ૭, લાખણી ૫, વાવ ૩, દિયોદર ૧, ભાભર ૨, સુઈગામ ૧, અમીરગઢ ૧, વડગામ ૪ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૭૬૭ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૪૦ થવા પામ્યો છે.

કુખ્યાત કાલબેલિયા ગેંગના આરોપીને એલસીબી પોલીસે ટીંટોઈ ઓવરબ્રિજ પાસેથી દબોચ્યો

ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જીલ્લામાં રાજસ્થાનની કાલબેલિયા ગેંગ ઘરફોડ ચોરી

અને તસ્કરીના ગુન્હાઓમાં મોટા પ્રમાણમાં સંડોવાયેલી છે. સમયાંતરે પોલીસ કાલબેલિયા ગેંગના આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દે છે તેમ છતાં જેલવાસ ભોગવ્યા પછી ફરીથી ઘરફોડ ચોરી આચરતી હોય છે. હાલ તો કાલબેલિયા ગેંગના મોટા ભાગના આરોપીઓ જેલમાં હોવાથી ઘરફોડ ચોરીના ગુન્હામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે, ત્યારે જીલ્લા એલસીબી પોલીસે ટીંટોઈ ઓવરબ્રીજ નજીકથી પસાર થતા કાલબેલીયા ગેંગના રાહુલનાથ રમેશભાઈ જોગીને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમારે ચાર્જ સંભાળતાની સાથે જીલ્લામાં નોંધાયેલ વિવિધ ગુન્હાના ભેદ ઉકેલવા લાગ્યા છે, ત્યારે જીલ્લા એલસીબી પોલીસને કાલબેલિયા ગેંગનો સદસ્ય ટીંટોઈ નજીકથી પસાર થવાનો હોવાની બાતમી મળતા સોમવારે એલસીબી પોલીસે વિવિધ ટિમ બનાવી ટીંટોઈ નજીક વોચમાં ગોઠવાઈ હતી. બાતમી આધારિત શખ્સ ટીંટોઈ ઓવરબ્રીજ પાસેથી પસાર થતા એલસીબી પોલીસે ઓવરબ્રિજ આજુબાજુનો વિસ્તાર કોર્ડન કરી રાહુલનાથ રમેશભાઈ જોગી (રહે, બદલાફળી, ખેરવાડા, રાજસ્થાન)ને ઝડપી પાડી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ-૪, ભિલોડા પો.સ્ટે.માં નોંધાયેલ-૩ અને શામળાજી પો.સ્ટે માં નોંધાયેલ-૧ ગુન્હામાં સંડોવાયેલ આરોપીને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

રાજ્યની ખાનગી હોસ્પિટલો માટે કોવિડની સારવારના દરો નક્કી કરાયા

કોરોનાના દર્દીઓ પાસેથી હવે ખાનગી હોસ્પિટલો સારવાર માટે મોટી રકમ નહી વસુલી શકે : દર્દીઓને રાહત : અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારોમાં અગાઉ નિર્ધારિત કરાયેલા દરો જ અમલી રહેશે : જ્યાં અગાઉ દર નિર્ધારિત નથી કરાયા ત્યાં આ દરો અમલી

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યની ખાનગી હોસ્પિટલોમાં સ્વખર્ચે સારવાર લઈ રહેલા કોવિડ-૧૯ ના દર્દીઓ પાસેથી મોટી રકમ વસૂલાતી હોવાની ફરિયાદો મળતાં રાજ્ય સરકારે ધ એપિડેમિક ડિસીઝ એક્ટ ૧૮૯૭ની જોગવાઈઓને આધીન રાજ્યની તમામ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓને તેમના ખર્ચે આપવામાં આવતી સારવારના દરો નિયત કર્યા છે.

આઈ.સી.યુ. ની સુવિધા વિનાની આરોગ્યલક્ષી સેવાઓ માટે વૉર્ડમાં પ્રતિદિન રૂ. ૫,૭૦૦ અને હાઈ ડિપેન્ડન્સી યુનિટ-એચ.ડી.યુ. માં પ્રતિદિન રૂ. ૮,૦૭૫ નો સીલીંગ રેટ નક્કી કરવામાં આવ્યો છે. જ્યારે આઈ.સી.યુ. ની સુવિધા સાથેની આરોગ્યલક્ષી સારવાર માટે પ્રતિદિન-પ્રતિ બેડનો વૉર્ડનો દર રૂ. ૬,૦૦૦, હાઈ ડિપેન્ડન્સી યુનિટ-એચ.ડી. યુ. નો દર રૂ. ૮,૫૦૦, આઈસોલેશનની સાથે આઈ.સી.યુ. ની સેવાના દર રૂ. ૧૪,૫૦૦ અને વેન્ટિલેટર-આઈસોલેશન અને આઈ.સી.યુ. સાથેના દર રૂ. ૧૯,૦૦૦ નક્કી કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આજે આ અંગેના આદેશો કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારે નિયત કરેલા આ દર અમદાવાદ, સુરત વડોદરા, રાજકોટ અને ભાવનગર મહાનગરપાલિકાના વિસ્તારોમાં લાગુ પડશે નહીં. કારણ કે, આ વિસ્તારોમાં આ પહેલાં-શરૂઆતથી જ ભાવો નિયત કરી દેવામાં આવ્યા છે. માં અને માં-વાત્સલ્ય યોજના અંતર્ગત જે ખાનગી હોસ્પિટલ એમ્પેનલ કરાયેલ છે એવી હોસ્પિટલોમાં માં અને માં-વાત્સલ્ય યોજનાના લાભાર્થી તરીકે જે દર્દીઓ સારવાર મેળવશે તેમને માં અને મા-વાત્સલ્ય યોજનાથી નિયત થયેલા દરો લાગુ પડશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, નિયત કરેલા આ દરોમાં ટૉસિલિઝૂમેબ અને રેમડેસિવીર ઈન્જેક્શન્સ તથા સેકન્ડરી બેક્ટેરિયલ ઈન્ફેક્શનની સારવારમાં જરૂરી દવાઓ અને પ્રોફિલેક્સિસમાં વપરાતી હાયર એનિબાયોટિક્સનો સમાવેશ થતો નથી. એટલું જ નહીં, સ્પેશિયલ ડૉક્ટર વિઝીટ, લેબોરેટરી ચાર્જીસ તથા પ્રતિ ડાયાલિસિસના રૂ. ૧,૫૦૦ અને આઈસીયુમાં ડાયાલિસિસના રૂ. ૩,૫૦૦ નો પણ આ દરોમાં સમાવેશ થતો નથી.

નક્કી કરવામાં આવેલા આ દરોમાં બે ટાઈમનું ભોજન, સવારનો નાસ્તો, સાંજની ચા અને નાસ્તો તથા પી.પી.ઈ. કીટ્સ, એન-૯૫ માસ્ક, તમામ રૂટીન દવાઓ, રૂમ ચાર્જીસ અને નર્સિંગ ચાર્જીસનો સમાવેશ થાય છે.

બાયડ બરોડા બેંક પાસે પૂજા ટ્રેડર્સમાંથી ૧.૯૮ લાખની તસ્કરી

મુખ્ય માર્ગ ઉપર ચોરી થતા રાત્રી દરમિયાન પોલીસનું પેટ્રોલિંગ ફારસ સાબિત થયું : બાયડ પીએસઆઈના આવ્યા બાદ બાયડમાં તસ્કરો બે લગામ બન્યા

બાયડ, તા. ૨૮

બાયડ બરોડા બેંક પાસે આવેલ પૂજા ટ્રેડર્સમાં રાત્રી દરમિયાન તસ્કરોએ સપાટો બોલાવી ૧.૯૮ લાખની રોકડ રકમની તસ્કરી કરતા તસ્કરોએ પોલીસને રીતસર તમાચો માર્યો હતો. બાયડ પી.એસ.આઈ.ના આવ્યા બાદ તસ્કરોને જાણે ખુલ્લું મેદાન મળી ગયું હોય તેમ એક પછી એક ચોરીઓને અંજામ આપી રહ્યા છે.

બાયડમાં મુખ્ય માર્ગ પર આવેલ પૂજા ટ્રેડર્સમાં દુકાનનું શટર તોડી અંદર પ્રવેશ કરી તસ્કરોએ ટેબલમાં રહેલ ૧.૯૮ લાખ રોકડ રકમ તથા અંદર રહેલ ચેકો ઉઠાવી લઈ જતા પોલીસ સામે લોકો રોષે ભરાયા હતા. પીએસઆઈ દ્વારા રાત્રી દરમિયાન પેટ્રોલિંગ સઘન કરાવવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી હતી. પોલીસે હરેશકુમાર સોમાભાઈ દવેની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બાયડ-દહેગામ માર્ગ પર જીવલેણ અકસ્માત થતાં એકનું મોત

બાયડ તાલુકાના ગુલાબપુરા ગામ નજીક સોમવારે રાત્રે બે ટ્રક વચ્ચે અકસ્માત થતાં ટ્રક ચાલકને ગંભીર ઈજાઓ થતા મોત નીપજ્યું હતું. બાયડ તાલુકાના ગુલાબપુરા ગામ નજીક રાત્રી દરમિયાન નંબર જીજે-૨-એક્સએક્સ-૫૨૧૬ પૂર ઝડપે સામે ટ્રક નંબર જીજે ૩૧ટી-૨૮૧૬ ને ટક્કર મારી પોતાનું મોત નિપજ્યું હતું. અકસ્માત થતા લોકોના ટોળેટોળા ઘટના સ્થળ ઉપર ઉમટી પડ્યા હતા, જે સંદર્ભે પોલીસ મથકે બેદરકારી રીતે ગાડી હંકારતા ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. અકસ્માતમાં ટ્રક ચાલકનું મૃત્યુ થતાં પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ બનાસકાંઠાની મુલાકાતે

કોંગ્રેસ પાર્ટીના કાર્યકારી પ્રમુખ અને યુવા નેતા હાર્દિક પટેલ બનાસકાંઠાની મુલાકાતે આવી પહોંચ્યા હતા.જેઓએ અંબાજી માં દુર્ગાના દર્શન કરી અંબાજી-દાંતાના કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી હતી.બાદમાં પાલનપુર ખાતે આવી પહોંચ્યા હતા જ્યાં પાલનપુર સર્કિટ હાઉસમાં પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ,વડગામના ધારાસભ્ય જિજ્ઞેશભાઈ મેવાણી,જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી સહિતનાં આગેવાનોએ તેઓનું સ્વાગત કર્યું હતું.બાદમાં હાર્દિક પટેલ સહિત કોંગ્રેસના આગેવાનો કોંગ્રેસ કાર્યાલય ખાતે આવી પહોંચ્યા હતા.જ્યાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ તેઓનું સ્વાગત કર્યું હતું.જે દરમિયાન સોશિયલ ડિસ્ટન્સી ના પણ ધજીયા ઉડ્યા હતા.કોંગ્રેસના કાર્યકારી નેતા હાર્દિક પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી ગુજરાતમાં પ્રજાના હિતમાં રહીને કામ કરશે.શિક્ષણ- આરોગ્ય- રોજગારી સહિતના વિવિધ મુદ્દાઓને લઇને પ્રજાની પડખે રહીને કોંગ્રેસ કામ કરશે.કોંગ્રેસ એ લોકશાહીને બચાવવાનું કામ કરી રહી છે.જ્યારે ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાનું કામ કરી રહી છે.પક્ષ પલટું ધારાસભ્યોને કપાત ગણાવી પ્રજાનો વિશ્વાસ તોડનાર ધારાસભ્યોને હવે પ્રજા ક્યારેય સાંખી નહીં લે પ્રજા હલ્લાબોલ કરી જડબાતોડ જવાબ આપશે.

સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા આયોજિત

બ્લડ ડોનેશન કેમ્પ ખેડબ્રહ્મા ખાતે ૫૧ જેટલા દાતાઓએ કર્યું દાન

ખેડબ્રહ્મા, તા. ૨૮

આજરોજ સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ ખેડબ્રહ્મા ખાતે તાલુકા આરોગ્ય કચેરી અને સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ યોજાઈ ગયો. જેમાં આરોગ્ય, શિક્ષણ તાલુકા પંચાયત કચેરી, તલાટીશ્રી, મામલતદાર કચેરી, પ્રાંત કચેરી સહિતની શાખાઓ અને અન્ય એમ કુલ ૫૧ જેટલા રકતદાતાઓએ રકતદાન કરી સદરહું કેમ્પને સફળ બનાવ્યો હતો. ઉપરાંત આ કેમ્પમાં તાલુકા હેલ્થ ઓફિસર ડોકટર

આર.ડી. ગોસ્વામી, એસડીએચના સુપ્રિટેન્ડેન્ટ ડોકટર હિતેષ બ્રહ્મભટ્ટ આરએમઓ, ડૉ.આર.ડી. પરીખ અને જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રીનેતાભાઈ સોલંકીએ હાજર રહી રકતદાતાઓને પ્રોત્સાહીત કરવામાં આવેલ હતા.

વધુ ૩૫ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત પાટલાપુરા ગામેથી પણ આજે વધુ ૩ દર્દીઓ મળી આવ્યા છે. જેમાં ૬૦ વર્ષીય સ્ત્રી, ૪૩ વર્ષીય સ્ત્રી અને ૬૫ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. કલોલમાં અર્બન-૧ માંથી ૧ કેસ અને કલોલ અર્બનમાંથી પાંચ કેસ આજે મળી આવ્યા છે. આ ઉપરાંત કલોલ ગ્રામ્ય વિસ્તારમાંથી હાજીપુર, જામળા, અર્જુનપુરા અને બાલવામાંથી પણ કેસો મળી આવ્યા છે. તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા ૧ હજારે પહોંચવા આવી રહી છે. આજ સુધીમાં ૯૬૨ દર્દીઓ નોંધાયા છે. જેમાંથી ૨૨૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ૬૫૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં કન્ટેનમેન્ટ ઝોન અંગે તંત્ર મૌન સેવી રહેલ છે. જોકે જિલ્લામાં આજે ૨૦,૪૪૧ લોકોને ક્વૉરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લામાં વધતા જતા કેસોને પગલે આજે કોવિડ માટે નિમાયેલ અગ્ર સચિવ સુનયના તોમર દ્વારા ખાસ સમીક્ષા પણ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

એક જ ઘરમાંથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

આ વિસ્તારમાંથી પ્રથમ કેસ મળતાં તંત્રમાં ચિંતાની લાગણી ઉભી થઈ છે. તંત્રએ આ મહિલા દર્દીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સેક્ટર-૩-એ માં રહેતા અને રાજ્ય પંચાયત મંત્રીશ્રીના કાર્યાલયમાં ફરજો બજાવતા એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અને લેખિતમાં બાંહેધરી આપતાં તંત્રએ તે મંજૂર રાખેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે. સે. ૨૪ માં રહેતા અને લેબ. આસિ. તરીકે નોકરી કરતા એક ૨૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૬ માં રહેતા અને જમીન દલાલીનો ધંધો કરતા એક ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જે તંત્રએ ગ્રાહ્ય રાખેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૬ માં જ રહેતા એક નિવૃત્ત ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૬ માં જ રહી અને વિડીયો પ્રોડક્સનનો ધંધો કરતા એક ૨૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જે તંત્રએ મંજૂર રાખેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરન્ટાઈન કર્યા છે. સે. ૨૪ ની એક ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ મહિલાના પરિવારના અન્ય બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. શહેરમાં કેસોની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતાની લાગણી વધવા પામી છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરમાં નોંધાયેલા કેસો પૈકી ૩૩૦ થી વધુ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપી દેવાયુ છે. શહેરમાં આજે એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થતાં શહેરમાં સારવાર દરમ્યાન ૧૪ દર્દીના મોત થયા છે. શહેરમાં ડેથરેટ અને કેસોની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતા વધી છે.

ટ્રાયલ થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહત્ત્વપૂર્ણ છે. ટ્રાયલ પૂર્ણ થયા બાદ અને અંતિમ મંજૂરી આપવામાં આવે તે પહેલાં તેની તૈયારી શરૂ કરવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં, ઉત્પાદન શરૂ થતાં જ ભારતને જરૂરિયાત મુજબ વેક્સીન મળી શકશે. ભારતમાં વેક્સીન તૈયાર કરવાનાં પ્રયાસોમાં ઢ્ર્ સામેલ છે. તે દેશમાં વેક્સીન બનાવતી તમામ કંપનીઓ અને સંસ્થાઓ સાથે મળીને કામ કરી રહી છે. ઢ્ર્ આ માટે આર્થિક મદદ આપવાની અને મંજૂરી અપાવાની સાથે જ તેને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક સુધી પહોંચાડવામાં મદદ કરશે. સરકારે ૬ અન્ય જગ્યાઓ પણ તૈયાર કરી છે, જેથી જરૂર પડે તો આ જગ્યાઓ પર પણ હ્યુમન ટ્રાયલ કરી શકાય. ક્સફોર્ડ અને તેના પાર્ટનરે વેક્સીન તૈયાર કરવા માટે પુણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ક્રૈં)ની પસંદગી કરી છે. ક્રૈંએ હ્યુમન ટ્રાયલના બીજા અને ત્રીજા તબક્કા માટે ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ઢ્ઢઝ્રૈં)ની પણ મંજૂરી માગી છે. ક્રૈં વિશ્વમાં સૌથી વધુ વેક્સીન બનાવે છે. વેક્સીનના પહેલાં બે તબક્કાની ટ્રાયલ પૂર્ણ થઈ ગયું છે. તેના પરિણામો આ મહિનામાં રિસર્ચ જર્નલમાં પ્રકાશિત પણ થયા છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટીની તરફથી કરવામાં આવેલા ટ્રાયલમાં તેના સારા પરિણામ જોવા મળ્યા હતા. પહેલા તબક્કામાં ફક્ત થોડા લોકોને વેક્સીન આપવામાં આવી હતી. બીજા તબક્કામાં ૧૦૦થી વધુ લોકોને સામેલ કરવામાં આવ્યા. ત્રીજા તબક્કામાં ૧૦૦૦ લોકોને વેક્સીન અપાઈ હતી. કોઈપણ વેક્સીન તૈયાર થઈ ગયા બાદ ત્રીજા તબક્કાને સૌથી અંતિમ તબક્કો માનવામાં આવે છે.

પાંચ રાફેલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે ફ્રાન્સમાં જ રહેશે. તેમાં કહેવામાં આવ્યું છે કે તમામ ૩૬ વિમાનોની ડિલિવરી ૨૦૨૧ના અંત સુધીમાં થઈ જશે. વાયુસેનાને પ્રથમ રાફેલ વિમાન ગત વર્ષે ડિફેન્સ મિનિસ્ટર રાજનાથ સિંહની ફ્રાન્સ યાત્રા દરમિયાન સોંપવામાં આવ્યું હતું. ફ્રાન્સમાં ભારતના રાજદૂત જાવેદ અશરફે ફ્રાન્સથી ટેકઓફ થતા પહેલા ભારતીય વાયુસેનાના પાયલટ સાથે વાતચીત કરી હતી. આ પાંચેય ફાઈટર જેટ બુધવારે બપોરે વાયુસેનામાં સામેલ થઈ જશે તેવી આશા છે. જોકે, વાયુસેનાના એક પ્રવક્તાએ કહ્યું છે કે તેને એરફોર્સમાં સામેલ કરવાને લઈને ઔપચારિક સમારંભનું આયોજન ઓગસ્ટના મધ્યમાં કરવામાં આવશે. ભારતે વાયુસેના માટે ૩૬ રાફેલ ફાઈટર જેટ ખરીદવા માટે ચાર વર્ષ પહેલા ફ્રાન્સ સાથે ૫૯ હજાર કરોડ રૂપિયાનો કરાર કર્યો હતો. રાફેલ સાથે ઈઝરાયલના સ્પાઈસ ૨૦૦૦ બોંબને કોન્સોલિડેશન અને ટેસ્ટિંગમાં લાંબો સમય લાગી રહ્યો છે. તેથી તેમાં હેમર મિસાઈલો ફિટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સૂત્રોએ જણાવ્યું છે કે ઈમર્જન્સી સ્થિતિમાં ભારત પાસે હેમર મિસાઈલોના ઉપયોગ ઉપરાંત અન્ય કોઈ વિકલ્પ નથી. આ મિસાઈલો રાફેલ જેટ માટે એકદમ ફિટ છે. રાફેલમાં ત્રણ પ્રકારના મિસાઈલ સામેલ હશે. હવાથી હવામાં પ્રહાર કરી શકે તેવી મીટિયોર મિસાઈલ ૧૫૦ કિમી દૂરના શત્રુવિમાનને નિશાન બનાવી શકે છે. જ્યારે હવામાંથી જમીન પર પ્રહાર કરી શકતી સ્કાલ્પ મિસાઈલ ૩૦૦ કિમી દૂર શત્રુ સૈન્યના ભૂમિમથક પર પ્રહાર કરી શકે છે. ત્રીજી હેમર મિસાઈલ અંગે હાલમાં જ ભારતે સોદો કર્યો છે. આ મિસાઈલ ઓછા અંતરના નિશાન પર હવાથી જમીન પર પ્રહાર કરી શકવા સક્ષમ છે. રાફેલની સરખામણીએ એફ-૧૬ના ભાથામાં ફક્ત એમરોમ મિસાઈલ સામેલ છે, જે ૧૦૦ કિમી દૂર હવાથી હવામાં પ્રહાર કરવા સક્ષમ છે. જોકે જે-૨૦માં ૩૦૦ કિમી દૂર પ્રહાર કરી શકતી પીએલ-૧૫ અને ૪૦૦ કિમી દૂર પ્રહાર કરી શકતી એર ટૂ સરફેસ પ્રકારની પીએલ-૨૧ મિસાઈલ સામેલ છે. રાફેલને હેમર મિસાઈલથી સજ્જ કરવાની ભારતની યોજના પછી ચીને પણ ઓછા અંતરના એર ટૂ સરફેસ મિસાઈલથી પોતાના યુદ્ધવિમાનને સજ્જ કરવાની જાહેરાત કરી છે.

શિલાન્યાસ કરશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભૂમિપૂજન બુધવારે યોજનાર છે અને આ દિવસનો રંગ લીલોતરી છે. આ કાર્યક્રમ સાથે સમગ્ર દેશના રામ ભક્તોને જોડવા માટે પવિત્ર જળ અને મંદિરો, નદીઓ અને તેમના ક્ષેત્રના કુંડનું ધાર્મિક મહત્ત્વ અયોધ્યા પહોંચાડવામાં આવી રહ્યું છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય કમેશ્વર ચૌપાલના જણાવ્યા મુજબ, કોરોના સંકટને લીધે ભક્તો પોતાની મુલાકાત માટે અસમર્થ છે, પરંતુ સ્પીડ પોસ્ટ્સ દ્વારા નદીઓના જળ મોકલવામાં આવી રહ્યા છે. બિહારથી ૫૦૦ પેકેટ આવ્યા છે. બિહારના લોકો પ્રભુ રામને તેમનો પુત્ર માને છે, તેથી તેઓ મંદિરના નિર્માણ વિશે ખાસ કરીને ઉત્સાહિત છે.વનવાસી સમુદાયના લોકો પણ અયોધ્યાના પાણીને તેમના મંદિરોની માટી અને નદીઓમાં મોટી સંખ્યામાં પરિવહન કરી રહ્યા છે. દેશભરની નદીઓના પાણી અને માટીનો ઉપયોગ કરીને મંદિરનો પાયો નાખવાના કાર્યક્રમમાં ટ્રસ્ટની બેઠક પર મહોર લગાવાઈ હતી. ઉત્તરાખંડના બદ્રીનાથમાંથી માટી અને અલકનંદા નદીમાંથી પાણી રામ મંદિર નિર્માણ માટે અયોધ્યા મોકલવામાં આવ્યાં હતાં. અહીંથી, વિશ્વ હિન્દુ પરિષદનું પ્રતિનિધિમંડળ સોમવારે માટી અને જળ સાથે અયોધ્યા જવા રવાના થયા છે. અયોધ્યામાં ભગવાન રામનું ભવ્ય મંદિર ફક્ત પત્થરોથી બનાવવામાં આવશે. રામ મંદિર નિર્માણ માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. મંદિરના વર્કશોપના સુપરવાઈઝર અનુભાઈ સોમપુરા કહે છે કે મંદિરના નિર્માણમાં અનોખી ટેક્નોલોજી અને મશીનોનો ઉપયોગ કરવામાં આવશે. ભૂમિપૂજન પહેલા જ અયોધ્યામાં ઉજવણીનું વાતાવરણ છે. સીએમ યોગી આદિત્યનાથની ૪ અને ૫ ભવ્ય દિવાળીની ઉજવણી કરવા માટે તૈયાર છે.

૧૫ લાખને પાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૪૯, પશ્ચિમ બંગાળમાં ૩૯, ઉત્તરપ્રદેશમાં ૩૦, દિલ્હીમાં ૨૬, ગુજરાતમાં ૨૨, તેલંગાણામાં ૧૭, પંજાબમાં ૧૨, રાજસ્થાનમાં ૧૦, બિહાર, મધ્યપ્રદેશ તેમજ જમ્મુ-કાશ્મીરમાં નવ—નવ, આસામ અને ઓડિશામાં સાત—સાત, હરિયાણામાં પાંચ, ત્રિપુરા તેમજ ઝારખંડમાં ચાર—ચાર, પોંડેચેરી તેમજ ઉત્તરાખંડમાં ત્રણ—ત્રણ, હિમાચલ અને કેરળમાં બે—બે તેમજ આંદામાન-નિકોબાર, ચંડીગઢ, છત્તીસગઢ, ગોવા, નાગાલેન્ડ અને સિક્કિમમાં એક—એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના ચેપથી અત્યાર સુધીમાં કુલ ૩૩,૪૨૫ લોકોના મોત નિપજ્યા છે. તેમાં પણ સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૧૩,૮૮૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. ત્યારબાદ દિલ્હીમાં ૩,૮૫૩, તામિલનાડુમાં ૩,૫૭૧, ગુજરાતમાં ૨,૩૪૮, કર્ણાટકમાં ૧,૯૫૩, ઉત્તરપ્રદેશમાં ૧,૪૫૬, પશ્ચિમ બંગાળમાં ૧,૪૧૧, આંધ્રપ્રદેશમાં ૧,૦૯૦, મધ્યપ્રદેશમાં ૮૨૦, રાજસ્થાનમાં ૬૩૧ અને તેલંગાણામાં ૪૮૦ લોકોના મોત થયા છે.